PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૨/કવા–૦૩/૧૭–૧૮/ 104 તા 03-01-18

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
વિરેનભાઈ શાર્દુલભાઈ જાદવ,
ગામ: ગુંદાળા
તા. મેંદરડા
જી. જુનાગઢ
મો: ૯૯૦૯૧ ૩૦૭૭૮

**વિષય :–ભાવપત્રક મા ભરેલ રકમ મા રીફંડ મેળવવા માટે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૧૮–૧૦–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૨૨/કવા–૦૩/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ., આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, મેંદરડા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૨૨/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગઃ તા. ૧૯–૧૨–૧૭ સ્થળ : જુનાગઢ

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામઃ વિરેનભાઈ શાર્દુલભાઈ જાદવ, ગામઃ ગુંદાળા

રજુઆત કરનારઃ અરજદાર શ્રી વિરેનભાઈ શાર્દુલભાઈ જાદવ રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, મેંદરડા (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ)

રજુઆત કરનાર :પી.પી.વોરા – ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૨ જુનાગઢ

## : હુકમ :

ફરીયાદ : ભાવપત્રક મા ભરેલ રકમ મા રીફંડ મેળવવા માટે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧** અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંઘક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓએ મેંદરડા તાલુકાના ગુંદાળા ગામે સર્વે નંબરઃ ૩૦૬ પૈકી ૧ મા વાણીજય હેતુ માટે બીનખેતી કરાવેલ હોય અને આ સર્વે નંબર બીન ખેતી થતા – આ બીન ખેતી જમીન પર ભારત પેટ્રોલીયમ નામે એસ્સાર કંપની પેટ્રોલ પંપ મંજુર કરાયેલ. આ પેટ્રોલ પંપ ના હેતુ માટે તેઓએ પીજીવીસીએલ ની પેટા વિભાગીય કચેરી મેંદરડા – જીઃ જુનાગઢ મા અરજી કરેલ હતી. જે અનુસંધાને, તેઓને રૂ.૧૪૩૫૧૩/– નુ ભાવપત્રક આપેલ – જે તેઓ દ્વારા ભરપાઈ કરી આપેલ. ત્યારબાદ, સદર બાબતે જણાયેલ કે – સદર ભાવપત્રક મા વીજલાઈન નો ચાર્જ રૂ.૧૮૫૫૯/– તથા ટી.સી. ચાર્જ રૂ.૧૦૩૭૯૦/– નીયમ થી વધારે લેવાયેલ છે. આમ, તેઓએ તફાવતીય નિયમાધીન રીતે રકમ રૂ.૧૨૨૩૪૯/– રીફંડ મેળવવા માટે અરજી કરેલ છે. અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨** પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંઘક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે.

**૨.૧** અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, સદર અરજદાર દ્વારા મેંદરડા તાલુકાના ગુંદાળા ગામે સર્વે નંબરઃ ૬૬૯ કુલ જમીન ક્ષેત્રફળ માથી ૨૦૨૩ જમીન ચોમી. ને વાણીજય હેતુ માટે બીન ખેતી થતા – જે અરજદાર વિરેનભાઈ શાર્દુલભાઈ જાદવે ખરીદ કરેલ.

I. સદર જમીન મા – અરજદાર દ્વારા પેટ્રોલ પંપ હેતુ માટે ૬૫ કીવો ના વીજ જોડાણ ની અરજી તા.૦૮–૦૫–૧૭ થી નોંધણી કરાવેલ.

II. પીજીવીસીએલ ના પત્ર ક્રમાંક : પીજીવીસીએલ/ટેક–૧/૧૧૯૬, તા.૦૩–૦૨–૧૭ થી જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/ આર.એન.આર/૨૭૧૯, તા.૩૦–૦૧–૧૭ ના મુદદા નં. ૪ ના પેટા મુદદા નં. (૩) ના વિસ્તૃત મુદદા નં. (૬) મુજબ ની વિગતે – '' ગામતળ ની બહાર આવેલ એવી અન્ય હેતુ ની જમીન પર – ૦૬ કીવો થી વધુ વીજ માંગ વાળા – અન્ય પ્રકાર ના નવા જોડાણો માટે – આવા જોડાણો આપવા માટે ઉભા કરવામા આવતી માળખાકીય સુવિધા ને લગતો તમામ ખર્ચ, જે અરજદાર પાસેથી વસુલીને – જે તે સમય ના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ, જોડાણો આપવામા આવશે.'' – આમ, આ મુજબ ના, સરકાર શ્રી / જીયુવીએનએલ ના, માર્ગદર્શક એવા આદેશાત્મક પરીપત્ર અન્વયે ના ધારાધોરણ હેઠળ જ, ફરીયાદી અરજદાર શ્રી ને – તેમની સવાલવાળી અરજી મા કરાયેલ એવા, પેટ્રોલ પંપ ના હેતુ માટે ના, નવા ૬૫ કીલોવોટ ના વાણીજય જોડાણ માટે ની મંજુરી – જે ૧૦૦% ખર્ચ વસુલાત ને આનુષાંગીક અંદાજપત્ર ની રકમ રૂ.૧૪૩૫૧૩/– નુ ભાવપત્રક તા.૧૭–૦૫–૧૭ ના રોજ અપાયેલ. જે અરજદાર દ્વારા તા.૧૯–૦૫–૧૭ ના રોજ ભરપાઈ કરાતા, તા.૦૨–૦૬–૧૭ થી સદર વીજ જોડાણ ચાલુ કરી અપાયેલ છે.

III. આમ, અરજદાર ને અપાયેલ ભાવપત્રક ઉપરોક્ત મુદદા નં. II મુજબ જીયુવીએનએલ ના પરીપત્ર તા.

૦૧–૦૯–૧૭ પહેલા અપાયેલ હોય – અરજદાર દ્વારા માંગવામા આવેલ ભરપાઈ કરેલ ભાવપત્રક મ તફાવતીય રકમ પરીપત્ર મુજબ લાગુ ન પાડી શકાય.

**મુદદા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

**૩** ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાએ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્પ થયેલ છે.

**૩.૧** વીજવિતરણ કંપનીઓ મા, હાલ ના તબ્બકે, રાજ્ય સરકાર શ્રી ના, અદ્યતન સ્થિીતી ના માર્ગદર્શન મુજબ – એટલેકે, રાજ્ય સરકાર શ્રી ના, પરીપત્ર નંબરઃ જીયુવી/૨૦૧૬/૩૮૮૫/ક–૧, તા.૨૪–૦૧–૧૭ ને આનુષાંગીક રહીને – જીયુવીએનએલ ના પરીપત્ર નંબરઃ જીયુવીએનએલ/ટેક–૨/ આર.એન.આર/૨૭૧૯, તા. ૩૦–૦૧–૧૭ ના મુદદા નં. ૪ ના પેટા મુદદા નં. (૩) ના વિસ્તૃત મુદદા નં. (૬) મુજબ ની વિગતે – '' ગામતળ ની બહાર આવેલ એવી અન્ય હેતુ ની જમીન પર – ૦૬ કીવો થી વધુ વીજ માંગ વાળા – અન્ય પ્રકાર ના નવા જોડાણો માટે – આવા જોડાણો આપવા માટે ઉભા કરવામા આવતી માળખાકીય સુવિધા ને લગતો તમામ ખર્ચ, જે અરજદાર પાસેથી વસુલીને – જે તે સમય ના ધારાધોરણ અને લાગુ પડતા ટેરીફ મુજબ, જોડાણો આપવામા આવે છે.'' – આમ, આ મુજબ નુ ધોરણ, જે સરકાર શ્રી દ્વારા પ્રારીત હોવા છતા, અને તે અન્વયે, પીજીવીસીએલ મા પણ, જીયુવીએનએલ ના, માર્ગદર્શક એવા આદેશાત્મક પરીપત્ર અન્વયે ના ધારાધોરણ હેઠળ જ, આવા જોડાણો માટે, – જે ૧૦૦% ખર્ચ ની વસુલાત કરીને જોડાણ આપવાની નિયમાધીન પ્રણાલી હોવા છતા, ઘણા કેઈસો મા, આ મુજબ ના જોડાણકારો પાસેથી, ૧૦૦% ખર્ચ ની વસુલાત કરવાને બદલે, માંગણી મુજબ ના વીજભાર ને આનુષાંગીક એવી, પ્રતિ કીવો માટે નિયત ફીકસચાર્જ ની રકમ વસુલ કરીને, જોડાણ આપવાની કાર્યવાહી, જે પીજીવીસીએલ ના જુદા – જુદા વર્તુળ કચેરી ના કાર્યક્ષેત્ર હેઠળ, થયેલ હોવાની બાબત નુ ઉદાહરણ, અરજદાર શ્રી એ જરૂરી આધાર –પુરાવા સાથે રજુ કરેલ છે.

ત્યારબાદ, માન. ગુજરાત રાજ્ય સરકાર શ્રી તરફથી, અગાઉ અપાયેલ આદેશાત્મક પરીપત્ર મા જરૂરી સ્પષ્ટતા, તેઓ ના પત્ર નંબરઃ જીયુવી / ૨૦૧૬ / ૩૮૮૫ / ક૧ તા.૨૩–૦૮–૧૭ દ્વારા કરવામા આવેલ છે. તેને અનુલક્ષીને જીયુવીએનએલ વડોદરા દ્વારા, તેઓ ના પત્ર નં.: જીયુવીએનએલ –ટેક–૨ – ૧૦૮૫ તા.૦૧–૦૯–૧૭ દ્વારા દરેક કંપની ના માન. મેનેજીંગ ડિરેકટર શ્રી ને, માન. ગુજરાત રાજ્ય સરકાર શ્રી ની ગાઈડલાઈન અનુસાર કાર્યવાહી કરવાની સુચના આપેલ છે. તે સુચના અનુસાર બીનખેતી કરાવેલ અરજદારો પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાની નિતિ ચાલુ રાખવાનુ જણાવેલ છે.

**૩.૨** જેથી, ઉપરોક્ત મુદદા નં. ૩.૧ મા વર્ણવ્યા મુજબ, માન. ગુજરાત રાજ્ય સરકાર શ્રી ની ગાઈડલાઈન અનુસાર, અરજદાર શ્રી એ તેઓનુ વીજજોડાણ જે જગ્યાએ અપાયેલ છે. તે જગ્યા, બીનખેતી કરાવેલ હોય, અરજદાર પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાનો થાય. જેથી અરજદાર ને નિયમાધીન રીતે ભરપાઈ કરેલ ભાવપત્રક મુજબ તફાવતીય રકમ રીફંડ આપવી, તે મુજબ નો સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્પ થયેલ છે.

**મુદદા નં.–૪ :**

**હુકમ**

**૪.૧** ફરીયાદી અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ના, ગામતળ થી દુર એવા, બીન ખેતી થયેલ એવી જમીન પર ના, પીજીવીસીએલ દ્વારા સદર કેઈસ મા – પેટ્રોલપંપ હેતુ માટે ના ભાવપત્રક મા ૧૦૦% ખર્ચ ની વસુલાત કરેલ છે, જે નિયમાધીન ન હોય, જે ખરેખર અરજદાર પાસેથી અગાઉ ના ધારાધોરણ અનુસાર ફીકસચાર્જ વસુલવાનો થાય. જેથી અરજદાર ને નિયમાધીન રીતે ભરપાઈ કરેલ ભાવપત્રક મુજબ તફાવતીય રકમ, અત્રે ના ફોરમ ની જાણકારી હેઠળ દિન–૧૦ મા રીફંડ આપવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
**(એચ.પી.કોઠારી)**
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**(ટી.બી.ભીમાણી)**
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.